**ફોજદારી કેશ નં.**

## <u>આંક –૧ લગત હુકમ</u>

આજરોજ મદદનીશ સરકારી વકીલશ્રી કે.વી.ગામીત સુરતનાઓની આંક– ની વિડ્રોઅલ પુરસીસના આધારે હાલનો કેસ સી.આર.પી.સી. કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચતા હોય, સદર પુરસીસના આધારે એ.પી.પી.શ્રીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતના જાવક નં.એમએજી/ડોરમેન્ટ કેસ/વશી ૧૯૨/૨૦૨૩ તા.૦૪/૦૨/૨૦૨૩ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત/૩૨/૧૦૧/૨૦૨૩ તા.૨૩/૦૧/૨૦૨૩ આપેલ પરવાનગી હુકમને ધ્યાવે લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ–૩૨૧ અન્વયે વિદ્ધાન એ.પી.પી.શ્રીને સદર કેસ વિડ્રોઅલ પુરસીસના આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીને બિનતહોમત/નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

## <u>:– હુકમ –:</u>

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ –૨૩૯ અન્વયે " બિનતહોમત " છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો સદરહું કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદપક્ષના હક્કને આ હુકમથી કોઈ બાધ રહેશે નહી અને તેવા કિસ્સામાં આ કોર્ટ કાર્યવાહી શરૂ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે. આ ઉપરાંત આ કામના આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.–૭૦ મુજબ બિનમુદતી વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે.

૩. પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવુ અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

૪. પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ ઈલેક્ટ્રોનીક સાધનો/મોબાઈલ ફોન/ વાહન તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્દામાલની જાહેર હરાજી કરી તેના ઉપજોલ નાણા સરકારશ્રીમાં જમા કરાવવા.

૫. મુદ્દામાલ તરીકે જો સોનાના દાગીના હોય અથવા તો સોનાની ધાતુ હોય તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

૬. આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલ તથા હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૭. આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ની લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
સ્થળ – સુરત

( એ. આર.ત્રિવેદી )
બીજા અધિક સિવીલ જજ
અને જ્યુડી.મેજી.ફ.ક.,સુરત
( GJ01366)